## આંક–૦૧ લગત હુકમ

સદર કામે આરોપી સામે પ્રોહિ એકટની કલમ ૬૬(૧)(બી),૮૫(૧) મુજબનું ચાર્જશીટ આ કામે રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આજ રોજ સ્પે. સીટીંગના પાવર્સ આ કોર્ટને આપવામાં આવેલ છે. આરોપીને ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતા આરોપી સ્વેચ્છીક કબુલાત કરતા હોવાનું ફલિત થાય છે આરોપીને આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે આરોપી સામેનું ચાર્જશીટ જોતા આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાનું ફલિત થતુ નથી કેસના સંજોગો આરોપીની કેફિયત અને તેની કૌટુંબિક જવાબદારીને ધ્યાને લેતા તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઈ તે તમામ હકીકતને નિગાહે લેતા અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતા ન્યુનતમ સજા બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ, તે તમામ હકીકતની સાથે સાથે આરોપીની વર્તુણક અને તેની સામે અન્ય કોઈ ગુના નોધાયેલા હોય તેવુ હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ નામદાર વડીઅદાલતના નટવરચંદ વિ. સ્ટેટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતિને ધ્યાને લઈ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકનને ધ્યાને લેતા અને હાથ પરના કેસના સંજોગો જોતા તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનું આ કોર્ટનું માનવુ હોઈ આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવુ આ કોર્ટનું માનવુ હોઈ ન્યાયના હીતને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## ::હુકમ::

આરોપીને મજકુર ગુના સબબ સી.આર.પી.સી કલમ ૨૫૨ અન્વયે તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૧૦૦– અંકે રૂપિયા સો પુરા ભરપાઈ કરવાનો હુકમ

ફરમાવુ છુ. જો આરોપી દંડની રકમ ભરવામાં ઇન્કાર કરે તો વધુ દિન-૨ ની સાદી કેસની સજાનો હુકમ ફરમાવુ છુ.

મુદામાલનો અગાઉ જો કોઇ વચગાળાના તબક્કે હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે  અને બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૩મી, માહે-જુલાઇ, સને -૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:૧૩-૦૭-૨૦૧૯
વડોદરા.

(એસ.એસ.બારઠ)
કોડ નં. જીજે.૦૧૫૭૩
જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફ.ક.
સ્પેશીયલ સીટીંગ ઓન નેશનલ લોક અદાલત

પાવતી નં. .................
રૂપિયા. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)
તા.૧૩/૦૭/૧૯

Nazir
Chief Judi. Magi. Court
Vadodara